# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-08-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિશ્કેકમાં ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન સાથે દ્વિપક્ષીય મુલાકાત કરી.
2) પ્રધાનમંત્રીએ ભારતની 7.8 ટકાની GDP વૃદ્ધિને મહાન સિદ્ધિ ગણાવી.
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે , કાપડ ક્ષેત્ર ભારતના સાંસ્કૃતિક વારસાનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને લાખો લોકોને રોજગારી પૂરી પાડે છે.
4) સરકારે 1 લાખ 27 હજાર કરોડ રૂપિયાના બજેટ સાથે સેમિકોન ઇન્ડિયા પ્રોગ્રામના બીજા તબક્કાની સૂચના આપી.
5) ફૂટબોલમાં, ભારત આજે તાશ્કંદમાં AFC અંડર-20 એશિયન કપમાં સીરિયા સામે રમશે.

************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM BISHKEK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિશ્કેક માં શાંઘાઈ સહકાર સંગઠન - SCO સંમેલન દરમિયાન ઈરાન , કિર્ગિઝ પ્રજાસત્તાક અને આર્મેનિયાના નેતાઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી.

પ્રધાનમંત્રી મોદી અને ઈરાનના રાષ્ટ્રપ્ર મુખ ડૉ. મસૂદ પેઝેશ્કિયાને તેમની મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય સંબંધના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી. તેમણે પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં તાજેતરના ઘટનાક્રમની સમીક્ષા કરી અને બદલાતી પરિસ્થિતિ પર દ્રષ્ટિકોણ રજૂ કર્યા. શ્રી મોદીએ પ્રદેશમાં તણાવમાં વધારો થવા અંગે ચિંતા વ્યક્ત કરી અને ભારતના સતત વલણને પુનરાવર્તિત કર્યું કે , તમામ મુદ્દાઓ સંવાદ અને રાજદ્વારી દ્વારા ઉકેલવા જોઈએ. નેવિગેશન અને વાણિજ્યની સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટે હાકલ કરતા, શ્રી મોદીએ કોઈપણ સંજોગોમાં વાણિજ્યિક શિપિંગ , નાવિક સહિત નાગરિકો અને નાગરિક માળખાગત સુવિધાઓને નુકસાન ન પહોંચાડવા જોઈએ તેના પર ભાર મૂક્યો.

પ્રધાનમંત્રી મોદી અને કિર્ગિઝ પ્રજાસત્તાકના રાષ્ટ્રપ્ર મુખ સદિર ઝાપારોવે દ્વિપક્ષીય સંબંધમાં પ્રગતિની સમીક્ષા કરી અને બંને દેશ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

શ્રી મોદી અને આર્મેનિયાના તેમના સમકક્ષ શ્રી પશિન્યાને તેમની વાતચીત દરમિયાન સંરક્ષણ , આર્થિક, દવા, વિજ્ઞાન અને ટેકનોલોજી , સંસ્કૃતિ અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવાની રીતો પર ચર્ચા કરી.

આવતીકાલે, કિર્ગિસ્તાનની મુલાકાતના બીજા અને અંતિમ દિવસે, પ્રધાનમંત્રી મોદી બિશ્કેકમાં શાંઘાઈ સહયોગ સંગઠનના 26મા સમિટને સંબોધિત કરશે.

# PM-GDP GROWTH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાણાકીય વર્ષ 2026-27 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતની 7.8 ટકાની અનુકરણીય GDP વૃદ્ધિને મહાન સિદ્ધિ ગણાવી છે. ગત નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં આ વૃદ્ધિ દર 6.9 ટકા હતો. પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં , કહ્યું કે આ સિદ્ધિ પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં દેશના લોકોની સામૂહિક શક્તિ અને સ્થિતિસ્થાપકતાને પ્રતિબિંબિત કરે છે.

દરમિયાન, કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે , આ મજબૂત કામગીરીનો શ્રેય દેશના લોકો અને તેમની મહેનતને જાય છે. નાણાં મંત્રી એ કહ્યું કે NDA સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારાઓ , અર્થતંત્રના ચપળ સંચાલન સાથે, પરિણામો આપી રહ્યા છે.

# EVE. PREZ NIFT CONVOCATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે કાપડ ક્ષેત્ર માત્ર ભારતના સાંસ્કૃતિક વારસાનો એક મહત્વપૂર્ણ ભાગ નહીં, પરંતુ લાખો લોકોને રોજગાર અને આજીવિકા પણ પૂરી પાડે છે. ફેશન ટેકનોલોજી અંગેની રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થા NIFT- ના પદવીદાન સમારોહને સંબોધતા, રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને મૂલ્યો સાથે જોડાયેલા રહીને વૈશ્વિક દ્રષ્ટિકોણ અપનાવવા વિનંતી કરી.

## (BYTE: DRAUPADI MURMU, PRESIDENT)

***"फैशन टेक्नोलॉजी भी ऐसा क्षेत्र है जिसमें विश्व स्तर पर भारत की भूमिका बढ़ाने को अपार संभावना है। इस प्रयास में आप पूर्ण रखें कि आपकी सोच वैश्विक हो, लेकिन आपकी जड़े अपनी मिट्टी की विशिष्टता और जीवन मूल्य से जुड़े। इस तरह अपना योगदान दे सकेंगे।"***

# RAJNATH NEPAL CONDOLENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે નવી દિલ્હી સ્થિત નેપાળ દૂતાવાસમાં ભારત વતી શોક પુસ્તિકા પર હસ્તાક્ષર કર્યા. શ્રી સિંહે સોશિયલ મીડિયા સંદેશમાં 26 ઓગસ્ટના રોજ આવેલા વિનાશક પૂરને કારણે થયેલા જાનમાલના વ્યાપક નુકસાન બદલ નેપાળના લોકો અને સરકાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

તેમણે કહ્યું કે ભારત , એક નજીકના મિત્ર અને ભાગીદાર તરીકે , આ દુઃખની ઘડીમાં હંમેશા નેપાળની સાથે છે. તેમણે ઈજાગ્રસ્તોને ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી.

# EVE. VAISHNAW-SEMICON 2.0 PILLARS

સરકારે આજે દેશમાં સમગ્ર ચિપ ઉત્પાદન માળખાને વેગ આપવા માટે એક લાખ 27 હજાર કરોડ રૂપિયાના બજેટ સાથે સેમિકોન ઇન્ડિયા પ્રોગ્રામના બીજા તબક્કાની સૂચના આપી છે.

નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા , ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આનાથી આગામી વર્ષોમાં વૈશ્વિક સેમિકન્ડક્ટર બજારમાં ભારતનો હિસ્સો લગભગ 10 ટકા સુધી વધી શકે છે.

(BYTE: ASHWINI VAISHNAW)

***"वैश्विक सेमीकंडक्टर उद्योग को भरोसा है कि आने वाले दशकों में भारत बड़े निवेश के लिए एक प्रमुख केंद्र बनेगा। इस का प्रमाण हमें सेमीकॉन एक के तहत मंजूर की गई परियोजनाओं से मिलता है। इनमें कई इकाइयों ने भूमिपूजन के केवल 13 महीने के भीतर व्यवसायिक उत्पादन शुरू किया है। इसी तेज गति ने वैश्विक सेमीकंडक्टर उद्योग का भारत पर भरोसा और मजबूत किया है।"***

શ્રી વૈષ્ણવે વધુમાં ભાર મૂક્યો હતો કે ભારતમાં વિકસિત થઈ રહેલા સેમિકન્ડક્ટર માળખાથી રોજગારીનું સર્જન થવાની પણ અપેક્ષા છે.

# SEMICON 2.0 - REAX

ઇન્ડિયા ઇલેક્ટ્રોનિક્સ એન્ડ સેમિકન્ડક્ટર એસોસિએશને આજે SEMICON 2.0 ની સત્તાવાર સૂચનાનું સ્વાગત કર્યું છે. આ કાર્યક્રમ ભારતની સેમિકન્ડક્ટર ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે , જે SEMICON ઇન્ડિયા પ્રોગ્રામની સફળતા પર આધારિત છે.

# HARDEEP PURI-QATAR

કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે ભારત અને કતાર વચ્ચે ઉષ્માભરી અને સ્થાયી ભાગીદારી છે , જેમાં ઊર્જા સહયોગ તેના મુખ્ય સ્તંભોમાંનો એક છે.

મંત્રીએ કતારમાં ભારતના નવનિયુક્ત રાજદૂત ડૉ. કે. શ્રીકર રેડ્ડી સાથે મુલાકાત કરી. શ્રી પુરીએ એક સોશિયલ મીડિયા સંદેશમાં પેટ્રોનેટ એલએનજી અને કતારએનર્જી વચ્ચેના 20 વર્ષના એલએનજી કરાર પર પ્રકાશ પાડ્યો હતો , જેના કારણે 2028 થી 2048 સુધી વાર્ષિક 7.5 મિલિયન ટનથી વધુ એલએનજી સુરક્ષિત થયું.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# NADDA RHTC

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી , જે.પી. નડ્ડાએ આજે નવી દિલ્હીના નજફગઢમાં ગ્રામીણ આરોગ્ય તાલીમ કેન્દ્ર RHTCની પ્રગતિ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી. બેઠક દરમિયાન , શ્રી નડ્ડાએ દર્દીઓની સંભાળ , માળખાગત સુવિધાઓ, આરોગ્યસંભાળ કાર્યકરો , શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને ડિજિટલ આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવા માટે કેન્દ્રમાં થઈ રહેલી પ્રગતિની સમીક્ષા કરી.

# RAJNATH-DPSU REVIEW

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલે નવી દિલ્હીમાં 16 સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમો ( DPSUs) ની વાર્ષિક કામગીરી સમીક્ષા કરશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ સમીક્ષા નવી સ્વદેશી ટેકનોલોજી વિકસાવવા અને નિકાસ વધારવાના મહત્વને પ્રકાશિત કરવા કરવામાં આવી રહી છે. આ બેઠકમાં સાત DPSU ના વડાઓ પણ હાજર રહેશે.

# PANCH SAMMELAN

વિકસિત ભારત જી રામ જી અધિનિયમ, 2025 ના અસરકારક અમલીકરણ માટે દેશભરમાં 1 હજાર 300 થી વધુ જિલ્લા સ્તરના પંચ સંમેલનનું આયોજન કરાયું.

મંત્રાલયે જણાવ્યું કે અત્યાર સુધીમાં 23 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ તેમના સુનિશ્ચિત પંચ સંમેલન પૂર્ણ કર્યા છે. જેમાં આંધ્રપ્રદેશ , આસામ, બિહાર, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ , કર્ણાટક, કેરળ અને મિઝોરમનો સમાવેશ થાય છે.

# FOOTBALL-AFC U20 ASIAN CUP

ફૂટબોલમાં ભારતની અંડર-ટ્વેન્ટી ટીમ આજે ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં સીરિયા સામે AFC અંડર-ટ્વેન્ટી એશિયન કપ ચીન 2027 ક્વોલિફાય થવા રમશે. ગ્રુપ B માં યજમાન ઉઝબેકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે ડ્રો થયેલી ભારતીય ટીમ 2006 પછી પહેલી વાર AFC અંડર-ટ્વેન્ટી એશિયન કપમાં પાછા ફરવાનું લક્ષ્ય ધરાવે છે.

# GANGA WATER AGREEMENT

પશ્ચિમ બંગાળ સરકારે કેન્દ્ર સરકારને વિનંતી કરી છે કે , બાંગ્લાદેશ સાથેના 30 વર્ષ જૂના ગંગા-પદ્મા જળ વહેંચણી કરારને રિન્યૂ- નવીનીકરણ કરતા પહેલા રાજ્યના હિતોનો વિચાર કરવામાં આવે , આ કરાર આ વર્ષે ડિસેમ્બરમાં સમાપ્ત થઈ રહ્યો છે. રાજ્ય સરકારે માંગ કરી છે કે નવા કરારમાં પર્યાવરણીય સંરક્ષણ અને ભવિષ્યની પાણીની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવામાં આવે.

# FERTILIZERS- SWACHHATA PAKHWADA

રસાયણ અને ખાતર મંત્રી જગત પ્રકાશ નડ્ડા આવતીકાલે બે અઠવાડિયા ચાલનારા સ્વચ્છતા પખવાડા- 2026નું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે તેઓ ખાતર વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે સ્વચ્છતા પ્રતિજ્ઞા પણ લેવડાવશે. આ પખવાડા આવતા મહિનાની 15મી તારીખ સુધી મનાવવામાં આવશે.

# INDIA- GERMAN FORUM

પર્યાવરણ અને આબોહવા પરિવર્તન પર દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા આવતીકાલે નવી દિલ્હીમાં ચોથું ભારત-જર્મની પર્યાવરણ મંચ યોજાશે.

આ મંચની સહ-અધ્યક્ષતા કેન્દ્રીય પર્યાવરણ , વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને જર્મનીના પર્યાવરણ મંત્રી કાર્સ્ટન સ્નેડર કરશે.